પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૫ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત-રશિયા વચ્ચે ગગનયાન સહિત ૧૫ કરારો

**ભારત અને રશિયાની મિત્રતામાં નવા પ્રકરણની શરૂઆત : મોદીને સર્વોચ્ચ રશિયન સન્માન અપાશે : રશિયા અને ભારતના સંબંધ જુના અને ખુબ જ મજબૂત,રશિયા-ભારત મિત્રતાની નવી પરિભાષા લખશે,બંન્ને દેશોના દ્વિપક્ષીય સંબંધોને એક નવું પરિમાણ આપવાની આ ઐતિહાસિક ક્ષણ છેઃ મોદી : રશિયા ભારતમાં રાયફલ-મિસાઈલ સિસ્ટમ બનાવશે : રાષ્ટ્રપતિ પુતિન**




નવી દિલ્હી,તા. ૪

ભારત અને રશિયા વચ્ચે મિત્રતામાં આજે એક નવા પ્રકરણની શરૂઆત થઈ હતી. રશિયાના બે દિવસના ઐતિહાસિક પ્રવાસ ઉપર પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિનની ઉપસ્થિતિમાં બંને દેશો વચ્ચે સંરક્ષણથી લઈને ગગનયાન સુધીના ૧૩ કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રશિયામાં પોર્ટ ટાઉન વ્લાદિવોસ્તોકમાં રશિયા અને ભારતના પ્રતિનિધિમંડળ વચ્ચે ૨૦માં રાષ્ટ્રીય સંમેલન બાદ બંને દેશોએ સંરક્ષણ, ટેકનોલોજી, એનર્જીથી લઈને સ્પેશ મિશન સુધીના જુદા જુદા વિષય ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રશિયાએ વડાપ્રધાન મોદીને પોતાના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રુ દ અપોસ્ટલ આપવાની પણ જાહેરાત કરી છે. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, અંતરિક્ષના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે લાંબા સમયથી સહકારની સ્થિતિ છે. ગગનયાન એટલે કે ભારતીય માનવ સ્પેશ ફ્લાઈટ માટે ભારતના અંતરિક્ષ યાત્રીઓની રશિયામાં ટ્રેનિંગ આપવામાં આવશે. આશરે બે કલાક સુધી ચાલેલા આ સંમેલનમાં બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે અનેક વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશકુમારે ટ્વિટ કરીને કહ્યું હતું કે, તેલ અને ગેસ, ખાંડ, સંરક્ષણ અને સુરક્ષા તેમજ હવાઈ અને દરિયાઈ કનેક્ટીવીટી, ન્યુક્લિયર એનર્જી, ટ્રાન્સપોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વેપાર અને મૂડીરોકાણ સંબંધિત વિષય ઉપર વાતચીત કરવામાં આવી હતી. વડાપ્રધાને જુદા જુદા ક્ષેત્રમાં ભારત અને રશિયા વચ્ચે સમજૂતિની ચર્ચા કરતા કહ્યું હતુ કે, આજે અમારી વચ્ચે ડિફેન્સ, ન્યુક્લિયર એનર્જી, સ્પેશ, બિઝનેસથી બિઝનેસ સહિતના અનેક ક્ષેત્રોમાં સહકારને નવી ઉંચાઈ સુધી લઈ જવા પર સહમતિ થઈ ગઈ છે. બંને દેશો વચ્ચે થયેલી સમજૂતિ અંગે

● અનુસંધાન પાન-૭ પર

## કરતારપુરનો કોરિડોર સમગ્ર વર્ષ ખુલ્લો રહેશે

**કરતારપુર દરરોજ ૫૦૦૦ શ્રદ્ધાળુઓ દર્શન માટે વીઝા વગર જઈ શકશે : ભારત અને પાકિસ્તાન વચ્ચે મહત્વની સમજૂતિ**



નવીદિલ્હી,તા.૪

પાકિસ્તાન કરતારપુર સાહેબ ગુરુદ્વારાના દર્શન માટે શ્રદ્ધાળુઓને વિઝા વગર અને ધર્મના આધાર પર કોઈપણ ભેદભાવ રાખ્યા વિના યાત્રાને લઈને સહમત થઈ ગયું છે. દરરોજ ૫૦૦૦ શ્રદ્ધાળુઓ કરતારપુર સાહેબના દર્શન કરી શકશે. આને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે સહમતિ થઈ ગઈ છે. ભારત અને પાકિસ્તાનના પ્રતિનિધિઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠકમાં આ સહમતિ થઈ હતી. ભારત અને પાકિસ્તાન આના ઉપર સહમત થયા છે કે, કોરિડોર મારફતે ૫૦૦૦ શ્રદ્ધાળુ દર્શન કરી શકશે. ઓસીઆઈ કાર્ડ ધારકો ભારતીય મૂળના લોકો પણ કરતારપુર કોરિડોરથી ગુરુદ્વારા સાહેબ જઈ શકશે. એક ભારતીય અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે કરતારપુર કોરિડોર સમગ્ર વર્ષ દરમિયાન સપ્તાહના સાત દિવસ ખુલ્લા રહેશે. શ્રદ્ધાળુ ચાલતા જઈને, એકલામાં અથવા તો સમૂહમાં જઈ શકશે. શીખ શ્રદ્ધાળુઓ માટે સૂચિત કરતારપુર કોરિડોરના મુસદ્દા સમજૂતિને અંતિમ રુપ આપવાના ઉદ્દેશ્યથી ભારત અને પાકિસ્તાન વચ્ચે બુધવારના દિવસે ત્રીજા દોરની વાતચીત સફળ રહી હતી.

# મસૂદ, દાઉદ અને હાફિઝ આતંકી જાહેર

**ભીષણ પુલવામા હુમલા માસ્ટરમાઇન્ડ મસુદ અઝહરને યાદીમાં પ્રથમ સ્થાને મુકાયો : ત્રાસવાદીઓ સામે સકંજો**



નવીદિલ્હી,તા.૪

આતંકવાદ પર અંકુશ મુકવા માટે બનાવવામાં આવેલા નવા કાનૂન યુએપીએ હેઠળ ભારતે ચાર ખૂંખાર આતંકવાદીઓને ટેરર લિસ્ટમાં મુકી દીધા છે. યાદીમાં પ્રથમ નંબર પર પુલવામા હુમલાના માસ્ટરમાઈન્ડ મસુદ અઝહરને રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત ત્રાસવાદી સંગઠન જમાત ઉદ દાવાના લીડર અને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફીઝ સઈદને બે નંબર ઉપર રાખવામાં આવ્યો છે. ત્રીજા નંબર પર માફિયા ડોન દાઉદ ઈબ્રાહીમને રાખવામાં આવ્યો છે જે સામાન્યરીતે પાકિસ્તાનના કરાંચીમાં હોવાના અહેવાલ આવતા રહે છે. આતંકવાદી જાકીર ઉર રહેમાન લખવીને પણ આ યાદીમાં સામેલ કરવામાં આવ્યો છે. યુએપીએ એટલે કે ગેરકાનૂની ગતિવિધિ અટકાયત કાનૂનને હાલમાં જ સમાપ્ત કરીને સંસદ સત્રમાં પસાર કરવામાં આવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, સંયુક્ત રાષ્ટ્ર તરફથી પણ મસુદ અઝહર અને હાફીઝ સઈદને ગ્લોબલ આતંકવાદી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. યુએપીએમાં કોઈ વ્યક્તિ વિશેષને ક્યારે આતંકવાદી જાહેર કરવામાં આવશે તેની જોગવાઈ રહેલી છે. આ હેઠળ કોઈ વ્યક્તિ ત્રાસવાદી ગતિવિધિને અંજામ આપે છે અથવા તો તેમાં ભાગ લે છે તો તેને આતંકવાદી જાહેર કરવામાં આવી શકે છે. આ કાનૂનમાં પ્રથમ સુધારો ૨૦૦૪ના અંતમાં કરવામાં આવ્યો હતો તે

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### રાજસ્થાનમાં ભૂકંપના આંચકા

રાજસ્થાનના ઝુઝનુ જિલ્લામાં બપોરે લગભગ સાડા ત્રણ વાગે અચાનક ભૂકંપના આંચકા અનુભવાયા છે. રીક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૮ માપવામાં આવી હતી. જોકે જાનમાલના નુકશાનના કોઈ સમાચાર નથી.

### અરૂણાચલમાં ચીનની ઘુસપેઠ

અરૂણાચલપ્રદેશના ચગલ ગામમાં એક નદી પર ચીન દ્વારા પુલનુ નિર્માણ થઈ રહ્યુ છે. આ મામલે ભાજપના સાંસદ તાપિર ગાઓએ કહ્યુ છે કે ભારત-ચીનની બોર્ડર મેક મોહન અહીંથી સો કીલોમીટર દૂર છે. એનો મતલબ એ છે કે ચીન આ વિસ્તારમાં પગદંડો જમાવી ચુક્યુ છે.

### ચીનના વિદેશ પ્રધાનની ભારતની મુલાકાત મોકૂફ

ભારતે ચીનના વિદેશ પ્રધાનની ભારત મુલાકાતને મોકૂફ રાખવાનું ચીનને ઔપચારિક રીતે જણાવી દીધું હતું. ચીનના વિદેશ પ્રધાન વાંગ યી નવમી સપ્ટેંબરે ભારત આવવાના હતા.

# મુંબઈમાં મૂશળધાર વરસાદ

**અતિભારે વરસાદથી સમગ્ર મુંબઈ જળબંબાકાર થયું : જનજીવન ઠપ : મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ૧૦ ઇંચથી પણ વધુ વરસાદ પડ્યો : તમામ વિસ્તારમાં કમરસુધીના પાણી ભરાતા પરિવહન વ્યવસ્થા ઠપ : અનેક ટ્રેનો રદ : લોકોને ઘરમાં જ રહેવા ફરજ : ગાડીઓ ડુબી જાય તેટલો વરસાદ**



મુંબઈ,તા. ૪

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં અતિભારે વરસાદના કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. મુંબઈના અનેક વિસ્તારમાં કમર સુધીના પાણી ભરાઈ ગયા હતા. લોકોને ઘરમાં જ રહેવાની ફરજ પડી હતી. લોકલ ટ્રેન સેવા પણ ઠપ થઈ ગઈ હતી. બીજી બાજુ લાંબા અંતરની ટ્રેન સેવા પણ ખોરવાઈ ગઈ હતી. મુંબઈમાં આકાશી આફતના કારણે લોકો સવારથી જ મુશ્કેલીમાં દેખાયા હતા. સવારથી જ ભારે વરસાદ થયા બાદ દિવસ દરમિયાન ભારે વરસાદનો દોર જારી રહ્યો હતો. મુંબઈમાં આજે વહેલી પરોઢે વરસાદના કારણે કિંગ સર્કલ રેલવે સ્ટેશન, ગાંધી માર્કેટ, સાયન અને તમામ અન્ય વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. બસના રુટ કેટલીક જગ્યાઓએ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. માયાનગરી મુંબઈમાં જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. લોકલ લાઈફલાઈન સમાન ગણાતી ઉપનગરીય સેવા પણ ઠપ થઈ ગઈ હતી. મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી જતાં આ મુશ્કેલી સર્જાઈ હતી. મુંબઈમાં બુધવારના દિવસે સવારે આઠ વાગ્યાથી લઈને મોડી સાંજ સુધી જુદા જુદા વિસ્તારોમાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ પડી ગયો હતો. મુંબઈના લોકો અતિ મુશ્કેલીમાં નજરે પડ્યા હતા. ગણેશ ઉત્સવની ઉજવણીની મજા બગડી હતી. માર્ગો, રેલ અને વિમાની સેવા પણ ખોરવાઈ ગઈ હતી. બસ અને ટ્રેન સેવા ઘણી જગ્યાએ બંધ કરવાની ફરજ પડી હતી. બચાવ કામગીરીમાં આરપીએફની ટીમો પણ જોડાઈ હતી. મીઠી નદી પર મોટી સંખ્યામાં લોકોને ખસેડવામાં આવ્યા હતા. આ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી હતી. વસઈ અને વિરાર વચ્ચે ટ્રેન સેવા રદ કરવામાં આવી હતી. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ઉપર પણ લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. સિયોન અને કુર્લા વચ્ચે પણ લોકો મુશ્કેલીમાં દેખાયા હતા. કાર અને અન્ય વાહનો અડધાથી પણ વધુ પાણીમાં ડુબી જાય તે હદ સુધીનો વરસાદ એક જ દિવસમાં મુંબઈમાં પડ્યો છે. મુંબઈમાં ભારે વરસાદથી લોકલ ટ્રેન સેવા ઠપ થઈ ગઈ છે. સ્કુલોમાં રજા જાહેર કરવામાં આવી હતી. લોકલ ટ્રેન સેવાની સાથે સાથે શ્રેણીબદ્ધ ટ્રેનો રદ કરાઈ હતી. દેશના વાણિજ્ય પાટનગર મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે જનજીવન ફરી એકવાર ખોરવાઈ ગયુ છે.

## લેન્ડર વિક્રમ હવે ચંદ્રથી ફક્ત ૩૫ કિમી દૂર

શ્રીહરિકોટા,તા.૪

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)એ બુધવારે સવારે ૩.૪૨ વાગ્યે ચંદ્રયાન-૨ના વિક્રમ લેન્ડરને બીજી અને છેલ્લી વખત સફળતાપૂર્વક ડિ-ઓર્બિટ કર્યું છે. એટલે કે હવે તે ચંદ્રના દક્ષિણી ધ્રુવ તરફ અંતિમ કક્ષામાં પહોંચી ગયું છે. વિક્રમ અહીંથી ચંદ્ર પર ૭ સપ્ટેમ્બરે લેન્ડ થશે. તે હવે ચંદ્રથી ૩૫ કિમી દૂર છે.

ઈસરોએ કહ્યું કે, આ ઓપરેશન સાથે જ વિક્રમની ચંદ્રમાની સપાટી પર ઉતરવા માટે યોગ્ય કક્ષા પણ હાંસિલ કરી લીધી છે.ઓર્બિટર અને લેન્ડર યોગ્ય રીતે કામ કરી રહ્યા છે.

## મનમોહન સિંઘની સલાહ દેશના હિતમાં છે : શિવસેના

મુંબઈ,તા.૪

શિવસેનાએ ફરી એકવાર મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. ગબડતી અર્થવ્યવસ્થાને લઈને ડૉ. મનમોહન સિંહએ આપેલા નિવેદનનું શિવસેનાએ સમર્થન કર્યુ છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામના ના માધ્યમથી ગડબતી અર્થવ્યવસ્થાને લઈને ભાજપ સરકાર પર સવાલ ઉઠાવ્યો છે. શિવસેના તરફથી કહેવામાં આવ્યું છે કે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને અર્થશાસ્ત્ર અને દેશની અર્થનીતિની સારી સમજ છે.

# કર્ણાટકના કોંગ્રેસી નેતા શિવકુમાર ૧૩મી સુધી ઈડી કસ્ટડીમાં

**શિવકુમારની ધરપકડ બાદ કર્ણાટકમાં વ્યાપક હિંસા : શિવકુમારની ધરપકડ કરાયા બાદ દિલ્હીની કોર્ટમાં રજૂ કરાતા ઇડીની કસ્ટડીમાં રાખવા માટેનો કરાયેલો આદેશ**

બેંગલોર,તા. ૪

દિલ્હી કોર્ટે કર્ણાટક કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કોંગ્રેસના ચાણક્ય ગણાતા ડીકે શિવકુમારને આજે ૧૩મી સપ્ટેમ્બર સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દેતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. મની લોન્ડરિંગ કેસમાં ડીકે શિવકુમાર પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમ બાદ હવે શિવકુમારની મુશ્કેલી પણ વધી ગઈ છે. સ્પેશિયલ જજ અજયકુમાર દ્વારા આજે આ આદેશ આપવામાં આવ્યો હતો. ઈડી દ્વારા શિવકુમારના ૧૪ દિવસના કસ્ટોડિયલ પુછપરછ માટેની માંગ કરી હતી અને કહ્યું હતું કે, શિવકુમાર કરચોરીમા સામેલ છે. તપાસમાં સહકાર કરી રહ્યા નથી. તેમની આવકમાં અભૂતપૂર્વ વધારો થયો છે. ઈડીની દલીલોને ફગાવી દઈને શિવકુમારના વકીલે કહ્યું હતું કે, કોંગ્રેસના નેતાની એજન્સી દ્વારા પહેલાથી જ ૩૩ કલાક સુધી પુછપરછ થઈ ચુકી છે. શિવકુમારની મંગળવારે મોડી રાત્રે ધરપકડ કરવામાં આવતા કોંગ્રેસમાં સોપો પડી ગયો હતો અને ત્યારબાદ હિંસાની શરૂઆત થઈ હતી. રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં મેડિકલ ચકાસણી માટે લાવવામાં આવ્યા બાદ તેમને કોર્ટમાં લાવવામાં આવ્યા હતા.

## બદલાની રાજનીતિ હેઠળ શિવકુમારની ધરપકડ : રાહુલ

નવીદિલ્હી,તા.૪

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને ડીકે શિવકુમારની ધરપકડને બદલાની રાજનીતિ સાથે જોડીને આકરા પ્રહાર કર્યા હતા. ડીકે શિવકુમારે કહ્યું હતું કે, સરકાર બદલાની રાજનીતિ સાથે આગળ વધી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સરકાર પસંદગીના લોકોને ટાર્ગેટ કરવા માટે ઈડી અને સીબીઆઈ જેવી સંસ્થાઓનો ઉપયોગ કરી રહી છે. કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, ભાજપ સરકાર ડરાવી ધમકાવીને નેતાઓને કમજોર કરવાના પ્રયાસો કરી રહી છે. પાર્ટીના પ્રવક્તા સૂરજેવાલાએ કહ્યું હતું કે, શિવકુમાર બિલકુલ નિર્દોષ છે તેમને બિનજરૂરીરીતે પકડી લેવામાં આવ્યા છે.

# પંજાબમાં ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ

**૧૯થી વધુના મોત : ૩૦થી વધુ લોકો બ્લાસ્ટમાં ઘાયલ : બચાવ-રાહત કામગીરી હાથ ધરાઈ**

ગુરદાસપુર,તા.૪

પંજાબના ગુરદાસપુરના બટાલામાં આજે ફટાકડાની



ફેક્ટ્રીમાં ભીષણ આગ ફાટી નિકળ્યા બાદ જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ ઘટનામાં હજુ સુધી ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. મોતનો આંકડો વધે તેવી શક્યતા છે કારણ કે, ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બ્લાસ્ટ અંગે માહિતી મળતાની સાથે જ મોટી સંખ્યામાં પોલીસ જવાનોનો કાફલો અને બચાવ ટુકડી તરત ઘટના સ્થળે પહોંચી હતી. આગ ફાટી નિકળ્યા બાદ ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કલાકો સુધી ભારે જહેમત ઉઠાવ્યા બાદ આગ ઉપર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. સ્થાનિક લોકોના કહેવા મુજબ આસપાસના વિસ્તારમાં ધુમાડાના વાદળો ઘેરાઈ જવાના કારણે બચાવ અને રાહત કામગીરીમાં અડચણો આવી હતી. બીજી બાજુ પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહે બનાવ અંગે દુખની લાગણી વ્યક્ત કરી હતી. સુત્રોના કહેવા મુજબ પાંચમી સપ્ટેમ્બરના દિવસે એટલે

● અનુસંધાન પાન-૭ પર

